## નવા નાણાંકીય વર્ષની શરૂઆત સાથે

# IPO માર્કેટ ફરી એકવાર ધમધમતું થવાના એંધાણ

છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં વોલેટાલિટીભર્યા માહોલ વચ્ચે પણ જોવા મળેલ સુધારાની ચાલથી રોકાણકારો સહિત બજાર સાથે સંકળાયેલી તમામ વર્ગને 'હાશ' થઈ છે. બજારના આ વલણથી પલટાયેલ સ્થિતિનો લાભ લેવા નાણાંકીય વર્ષ એટલે કે ૨૦૧૬-૧૭ના પ્રથમ માસમાં બજારમાં ફરી એકવાર આઈપીઓની બોલબાલા જોવા મળશે.

બજેટની રજૂઆત બાદ બજારના બદલાયેલા ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને પ્રમોટરો તેમજ મર્ચન્ટ બેન્કરોમાં એક નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે માર્ચ એન્ડિંગને અનુલક્ષીને તેઓ બજેટ બાદ તુરંત જ આઈપીઓ લાવવા તૈયાર નહતા પરંતુ હવે નવા નાણાંકીય વર્ષની શરુઆતથી એટલે કે એપ્રિલ માસથી તેઓ આઈપીઓ સાથે બજારમાં પ્રવેશવા તત્પર બન્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ અત્યાર સુધીમાં ૨૫ જેટલી કંપનીઓએ આઈપીઓ લાવવા સેબીની મંજૂરી મેળવી લીધી છે. આ કંપનીઓ આઈપીઓ થકી રૂા. ૧૨૦૦૦ કરોડ ઉભા કરે તેવી ધારણા છે. આ ઉપરાંત બજારના પોઝિટીવ ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને અન્ય કંપનીઓ પણ મર્ચન્ટ બેંકરો સાથે વાટાઘાટો કરી રહી છે.

પ્રાઈમરી માર્કેટના અભ્યાસી વર્તુળોના જણાવ્યા મુજબ ગત વર્ષની ટાણે એટલે કે ડિસેમ્બર ૨૦૧૫ દરમિયાન બજારમાં ઉદ્ભવેલા નકારાત્મક વલણના કારણે તે સમયથી લઈને બજેટ સુધીના સમયગાળા દરમિયાન પ્રાઈમરી માર્કેટ નિરસ બની જવા પામ્યું હતું જે આઈપીઓ આવવાના હતા તેમણે પણ આ યોજનાને પાછી ઠેલી હતી.

પરંતુ, બજેટમાં રજૂ થયેલ દરખાસ્તોને લઈને વોલેટાલિટી વચ્ચે પણ બજારમાં જોવા મળેલ સુધારો તેમજ એફઆઈઆઈ પુનઃ સક્રિય બનતા પ્રમોટરો અને બેંકરો ફરી એકવાર સક્રિય બનીને મૂડીબજારમાં પ્રવેશવાની તૈયારીઓ હાથ ધરી રહ્યા છે. જો કે, ૨૦૧૬ના કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીમાં છ આઈપીઓ આવ્યા છે અને તેના થકી રૂા. ૨૫૦૦ કરોડ ઉભા કરાયા હતા. આ કવાયતના ભાગરૂપે જ આગામી તા. ૫ એપ્રિલે માઈક્રો ફાઈનાન્સ કંપની ઈક્વિટાસ હોલ્ડિંગ આઈપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. આ કંપની આઈપીઓ થકી અંદાજે રૂા. ૭૫૦ કરોડ ઉભા કરશે.

આ સિવાયની અન્ય મોટી કંપનીઓમાં એલ એન્ડ ટી ઈન્ફોટેક આઈપીઓ થકી અંદાજે રૂા. ૨૦૦૦ કરોડ એજીએસ ટ્રાન્સપેક્ટ રૂા. ૧૩૫૦ કરોડ, મહાનગર ગેસ રૂા. ૧૨૦૦ કરોડ, ઉજ્જીવન ફાઈ રૂા. ૮૦૦ કરોડ, નુઝીવીડુ સીડ્સ રૂા. ૭૦૦ કરોડ, પરાંજપે સ્કીમ્સ રૂા. ૬૦૦ કરોડ, મેટ્રીક્સ સેલ્યુલર રૂા. ૫૦૦ કરોડ, જીવીઆર ઈન્ફ્રા રૂા. ૫૦૦ કરોડ ઉભા કરવા આઈપીઓ લાવવા તૈયારી કરી રહી છે. આ ઉપરાંત અન્ય કંપનીઓ પણ આ યાદીમાં સામેલ છે આ આંકડા અંદાજિત છે.

આમ, આ વિગત જોતાં આગામી સમયમાં નાની કંપનીઓની સાથોસાથ મોટી કંપનીઓ પણ આઈપીઓ લાવવા સક્રિય બની છે. તેથી નવા નાણાંકીય વર્ષની શરુઆતથી પ્રાઈમરી માર્કેટ પુનઃ ધમધમતુ થવાની શક્યતા છે. જો કે, આમ છતાં ય તેનો આધાર તો આગામી કેટલાક મોટા ઈશ્યુની સફળતા પર જ નિર્ભર કરશે કારણ કે ભૂતકાળમાં મોટી અને બ્રાન્ડેડ કંપનીઓના આઈપીઓમાં જ રોકાણકારોને ભારે નુકસાન થયું છે. જેનો તાજો દાખલો ગત સપ્તાહે જ લિસ્ટિંગ થયેલા એચસીજીનો છે આ કંપનીના આઈપીઓ બાદ તેના શેરોનું લિસ્ટિંગ ૩૯ ટકા ડિસ્કાઉન્ટથી થવા પામ્યું હતું.

### કઈ કઈ કંપનીઓ મેદાનમાં ઉતરશે ?

- એલ એન્ડ ટી ઈન્ફોટેક
- મહાનગર ગેસ
- નુઝીવિડુ સીડ્સ
- જીવીઆર ઈન્ફ્રા
- VLCC હેલ્થ કેર
- પરાગ મિલ્ક
- કેથોલીક સીરીયન બેંક
- મેટ્રીમની ડોટ કોમ



આમ, રોકાણકારો હવે આંખ મીચીને આઈપીઓમાં રોકાણ કરતા નથી. ગત વર્ષે પણ રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. જેના કારણે કેટલાક આઈપીઓમાં રીટેલ પોર્શનને ખૂબ જ નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. આવા આઈપીઓ સંસ્થાકીય જોરે જ ભરાયા હતા.

### દિવાળી પહેલાં BSE IPO લાવશે

એશિયા ખંડનું સૌથી જૂનું મુંબઈ શેરબજાર (બીએસઈ) આગામી જૂન સુધીમાં પ્રોસ્પેક્ટરી ફાઈલ કરશે જે જોતાં આગામી દિવાળી પહેલાં તે આઈપીઓ લાવે તેવી શક્યતા છે. પ્રવર્તમાન ગતિવિધિ જોતાં બીએસઈનો આઈપીઓ રૂા. ૮૦૦ કરોડ આસપાસ રહે તેવી શક્યતા છે.

ગત વર્ષની વાત નીકળી છે તો ૨૦૧૫ના વર્ષમાં ૨૧ કંપનીઓએ આઈપીઓ થકી રૂા. ૧૩૯૦૦ કરોડ ઉભા કર્યા હતા. જો કે, ૨૦૧૫ના વર્ષમાં આઈપીઓ માર્કેટમાં જે સક્રિયતા જોવા મળી હતી તેમાં મહત્ત્વની બાબત એ હતી કે, જે તે કંપનીમાંથી ખાનગી ઈક્વિટી રોકાણકારો કંપનીમાંથી બહાર નીકળવા માંગતા હતા જેમાં તેઓ સફળ રહ્યા હતા. આમ, અગાઉના વર્ષોની સરખામણીએ ૨૦૧૫માં આઈપીઓ માર્કેટ સક્રિય બની રહ્યું હતું.

૨૦૧૫ના કેલેન્ડર વર્ષ બાદ હવે ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષ દરમિયાનના આઈ.પી.ઓ માર્કેટના દેખાવ પર નજર કરીએ તો એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ સુધીના સમયગાળામાં આઈપીઓ લાવનારી ૨૩ કંપનીઓમાંથી ૧૨ કંપનીઓના શેરોએ ગત નાણાંકીય વર્ષ દરમિયાન ઈસ્યૂ પ્રાઈઝ પર ૮ ટકાથી લઈ ૯૧ ટકા સુધીનું વળતર પૂરું પાડ્યું હતું. જ્યારે ૧૧ કંપનીમાં રોકાણકારોને ૫ ટકાથી ૪૭ ટકા સુધીનું નકારાત્મક વળતર મળ્યું હતું.

તાજેતરમાં પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષ દરમિયાન શ્રી પુષ્કર કેમિકલ્સ કંપનીએ સૌથી ૭૫ વળતર આપ્યું હતું.

કંપનીએ આઈપીઓ વખતે રૂા. ૬૫ના ભાવે શેર આપ્યા હતા. જે છેલ્લે રૂા. ૧૨૩.૯૦ એટલે કે ૯૦.૬૨ ટકાનું વળતર દર્શાવે છે. વી.આર.એલ. લોજિસ્ટીક ૮૨.૨૨ ટકા સાથે વળતર આપવામાં બીજા ક્રમે છે.

ડો. લાલ પેથલેબ્સના શેરે લિસ્ટીંગના દિવસે નોંધપાત્ર વળતર દર્શાવ્યું હતું. રૂા. ૫૫૦ની ઈસ્યુ પ્રાઈઝ પર આ કંપનીએ ૯૮.૩૨ ટકાનું વળતર આપ્યું હતું.

જ્યારે સિનજિન ઈન્ટરનેશનલે ૫૪ ટકાનું વળતર આપ્યું હતું. આ સિવાય અન્ય કંપનીઓમાં મનપસંદ બેવરેજિસે ૪૪ ટકા, પીએનસી ઈન્ફ્રાટેકે ૩૭ ટકા એસ.એચ. કેલકરે ૩૨ ટકા અને આલ્કેમ લેબ.એ ૨૯ ટકાનું વળતર પૂરું પાડ્યું હતું.

આમ ગત નાણાં વર્ષે સારી કંપનીઓમાં ઉંચુ વળતર મળ્યા બાદ તાજેતરમાં શરૂ થયેલો નાણાં વર્ષમાં આઈપીઓ. માર્કેટ ધમધમશે તે બાબતની સાથોસાથ રોકાણકારોને કેવું વળતર મળશે તે જાણવા માટે આપણે રાહ જોવી પડશે... લેઈટ અસ વેઈટ...

## ૨૫ કંપનીઓ આઈપીઓ લાવવા મંજૂરી લઈને બેઠી છે